સાલ : ૧૮ / સિલસિલાવાર નંબર : ૧૫૭ / શુમારો : ૧

بسم الله الرحمن الرحيم

فુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. મોહર્રમુલ હરામ - સફરૂલ મુઝફ્ફર ૧૪૪૨ / સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૨૦

## વાદલ – ક્લાઉડ

અલ્લાહતઆલા વાદલને કુરઆને કરીમમાં મુખ્તલિફ અલ્ફાઝથી યાદ ફરમાવે છે, જેમકે, સેહાબ, ગમામહ, મુઝન અને મોઅસેરાત. આ ચારે તરહના વાદલોની કૈફીયત, બનાવટ, ઊંચાઈ અને અસર અલગ-અલગ છે. હવા આ વાદલોને ઉડાવીને લઈ જાય છે. અલ્લાહની આ અઝીમ કુદરત છે કે, ઝમીન અને આસ્માનના દરમિયાન આ વાદલો બગૈર કોઈ આધાર, પાયો કે પકડ, તે અધ્ધર ઉડે છે. તેના ઉપર ઈન્સાનની કોઈ તાકત ચાલતી નથી. કઈ જગા પર કયું વાદલ ઉડીને જાશે, ઠહેરશે યા વરસશે તે વાસ્તે હુકમ ફક્ત અલ્લાહનો હોય છે. વાદલોનું પૈદા થાવું અને તેને એક જગાથી બીજી જગા લઈ જાવું તેનું ઈલ્મ અલ્લાહ સિવાય કોઈ જાણી શકતું નથી. **મૌત, પૈદાઈશ, રિઝ્ક, વરસાદ, કેયામત અને બીમારી** કઈ તરહ, કેટલી મિકદારમાં, કઈ શિક્લમાં અને કયા વક્ત પર આવશે તે રબ્બુલ ઈઝ્ઝત સિવાય કોઈને ખબર નથી.

મુખ્તલિફ વાદલો અલગ-અલગ તરહનો વરસાદ પાડે છે. મોઅસેરાત વાદલો ખૂબ ઊંચા અને ભારી હોય છે જે અકસર કરીને આસ્માનથી બરફ વરસાવે છે. મુઝન એવા વાદલો હોય છે જે પાનીથી ભરપૂર સૈલાબ લાવનાર

**બરકાતે હુસૈનીયત સાથે સાલે નૌ મુબારક**

**હિ. ૧૪૪૨ નું નવું વરસ કારેઈનને મુબારક થાય. હર સાલના ઈબ્તેદામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) હમ મુમેનીનને હક્કપરસ્તી અને ફિદાગીરીનો પૈગામ આપે છે. કૌમો મિલ્લતની ખિદમત કરવી અને તેને આફતો વબાથી બચાવવી હર જવાનની ઝિમ્મેદારી છે. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની હિદાયત અને દોઆથી અલ્લાહતઆલા હમને આ સાલ વબા-મરઝથી મહેફૂઝ રાખે અને રોઝીની તંગદસ્તીને દૂર કરે અને અહલે વલામાં દિલશાદી અને આબાદીનો સૂરજ તુલૂઅ કરે. આમીન.**

અને ઝમીનને પાનીથી ભરી દેનાર હોય છે. સેહાબ વાદલ મોઅતદલ હોય છે, તે દરમિયાની વરસાદ વરસાવે છે જે ખેતીને લાઈક હોય છે અને **જેના અસરથી મરેલી ઝમીન ઝિંદા થાય છે**. ગમામહ તે વાદલ હોય છે જે હલકા હોય છે અને થોડા વક્ત વાસ્તે વરસે છે અને ઝમીનને ઠંડી કરી દે છે. તેના જાવાથી દોબારહ ગરમી થઈ જાય છે.

વાદલોની ગુફતગૂ થાય તો ખુશ્નુમા મૌસમ, આબોહવામાં ઠંડક, હરીયાલી, લીલક, તાઝગી, મિઝાજમાં રંગત, આસ્માનની ખુબસૂરતી, હવામાં નમી, ચરિંદ-પરિંદમાં ચહેલ-પહેલ વગૈરહ જોવા મિલે છે. ગરમીની ઈન્તેહાઈ શિદ્દત બાદ વાદલો આવવાનો ઈન્તેઝાર ઈન્સાનને રહે છે. વરસાદી પાનીમાં એ નાહવા વાસ્તે બેતાબ થઈ જાય છે. અલ્લાહતઆલાની આ રહેમતમાં કશિશ જ એ તરહની હોય છે કે, મુરદાર ઝમીનને તે ઝિંદા કરી દે છે. બિગડેલા મિઝાજમાં તે તરાવત ભરી દે છે. વાદલો બગૈર ઝિંદગી નામુમ્કિન છે. જેમ જુદી-જુદી ઊંચાઈએ, અલગ-અલગ શિકલો સૂરતમાં અને મુખ્તલિફ રફતાર સાથે વાદલો ઉડે છે તેમ તેમાંથી પૈદા થાનાર વરસાદનો અસર અલગ-અલગ ઝમીનમાં અલાહેદા હોય છે.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**ફજરમાં જલ્દી ઉઠીને, વુઝૂ કરીને મસ્જિદમાં જાવું, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

અલ્લાહતઆલાએ લૌહે મહફૂઝમાં જે ઈલ્મનો ઝખીરો રાખેલો છે, તે જામિદ છે, થીજેલું છે. મુઝન વાદલ તે નબીના મકામમાં છે. થીજેલા ઈલ્મથી ખલ્કના લોગોને ફાયદો થાય તે વાસ્તે અલ્લાહતઆલાએ મોઅસેરાત વાદલો માંથી બરફને પિગાલીને તે ઈલ્મને વહ્યના ઝરીએ નબીના દિલ પર ઉતાર્યું. નબીનો મકામ મુઝન વાદલ મુજબ છે જે તમામ ખલ્કને તેના ઈલ્મથી ભરી દે છે. મુઝન બાદ સેહાબ વાદલ આવે છે જે વસીના મકામમાં છે. મુઝન જેમ સખ્ત વરસાદ નહીં પણ ફાયદામંદ હલકો વરસાદ સેહાબ કરે છે. **નબી બાદ હિકમત અને સમઝાવટથી વસી કામ લે છે.** કોઈ પણ શરીઅતના હુકમને કમ્ઝોર થાવા દેતા નથી. સેહાબના બાદ ગમામહ આવે છે જે વાદલ તે જ ઝમીનમાં પૈદા થાય છે કે જ્યાં તે વરસી જાય છે. આ તરહના વાદલ ઈમામ અને એમના દાઈ છે. મુમિનની હર નાની હાજતને ઈમામ પૂરી કરે છે.

સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) અલ્લાહતઆલાની રહેમતના વાદલ મુજબ છે. આપ મૌલાની યાદ, ઝિક્ર, બુકા, માતમ, રોવું, મજલિસ, સલવાત અને વસીલા મુમિનના ખુશ્ક અને સુકાયેલી દિલની ઝમીન પર વરસાદી વાદલનું કામ કરે છે. દિલની ખુશ્કીને મિટાવીને તેને ઝિંદા કરી દે છે. ઈમાનને હર્યુંભર્યું કરી દે છે. આપ મૌલા જેમ નજાતની કિશ્તી છે, હિદાયતના રોશન ચિરાગ છે, તેમ અલ્લાહની રહેમતના ઠંડા વાદલ છે. આપની રહેમતના સાયામાં હર કોઈ ખ્વાહિશમંદ હોય છે. **આપની મુસીબતો ગમમાં રોવા વાસ્તે મઝહબની કોઈ હદ રહેતી નથી.** જેમ વાદલ હર ઝમીન ઉપર ઉડે છે તેમ આપ મૌલાની રહેમતના વાદલ તમામ વાસ્તે ખુલેલા છે. અકીદતમંદીથી જે કોઈ આપના નઝદીક આવે તેને આપ પરામી લે છે.

મોહર્રમુલ હરામના દસ અય્યામની રોનક આપ મૌલાની બરકત અને મજલિસથી જ છે. આપની મજલિસ કાઈમી-દાઈમી છે. આપનું માતમ લાઝવાલ છે. આપનું નામ અને આપના મુમિન બાકી છે. વાદલો પણ વરસાદના ઝરીએ આપની મુસીબતોને યાદ કરીને માતમ કરે છે, આહો બુકા કરે છે. જે જે જગા પર આપનો મુમિન આપને "યા હુસૈન" કહીને નિદા આપે છે ત્યાં આપ અબરે રહેમત બનીને તેની ઈમ્દાદ વાસ્તે પહોંચી જાવ છો. આપના નામ પર આપના મુમિને બજા લાવેલી નાનામાં નાની કોશિશ અને ખિદમત વાસ્તે આપ હઝાર-હઝાર હસનાતની જઝા અતા કરી દો છો.

આપના દાઈ અને આપના ગુલામ સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની આ સાલ એ જ તદબીર છે કે, જમાઅતના તમામ મુમેનીન-મુમેનાત-બચ્ચાં-બુઝુર્ગ-જવાન આપ મૌલાની મજલિસમાં હર હાલમાં શરીક થાય. કોરોનાની મોહલિક-જાનલેવા વબાના સબબ કોઈ એક જગા પર કસીર તાઅદાદમાં જમાઅ થાવું મુમિંકન નથી. હુકૂમત તરફથી મનાઈ છે. મસ્જિદોમાં મજલિસ થઈ શકે એમ નથી. લેહાઝા, મજલિસે હુસૈનીનો ફૈઝ મુમેનીનને દરમિયાન જારી રહે તે વાસ્તે આ સાલ સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) નું હર રોઝનું બયાન યૌમે આશુરા તક Youtube પર અપની ચેનલ પર રીલીઝ કરવામાં આવશે. આ સાથે મુમેનીન-મુમેનાતની મજલિસનું Recording પણ આના જ ઝરીએ મુકવામાં આવશે.

હરએક ઈમામે હક્ક તેના મુમિનને પહેચાની લે છે અને મુમિનની સૂરત ઈમામે હક્કમાં જઈને મિલી જાય છે. આના સબબ મુમિન નજાતની સીડી ચઢે છે. હાલની કોમ્પ્યૂટર સિસ્ટમમાં Cloud નો કોન્સેપ્ટ આવો છે. મોબાઈલમાં પણ તે ચીઝ શામિલ છે. હમણા તક લોગો હાર્ડ-ડિસ્કમાં, પેન-ડ્રાઈવમાં, સીડીમાં પોતાની હર ચીઝ Store કરતા હતા. મગર હવે Cloud પર Store કરે છે. કોઈ પણ જગા પરથી, કોઈ પણ વક્તમાં, કોઈ પણ Data યા File જોઈતી હોય તો Cloud પરથી લઈ શકાય છે. આ કરવા ફક્ત Password અને Permission ની ઝરૂરત પડે છે.

(બકીયાહ પેજ નં. ૩ પર)

**નમાઝ બાદ ઘરના કામોમાં નઝર કરવી, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૨ નું બાકી)

તો ઝિક્ર એ કરવાની કે, અપના તમામ આઅમાલ ઈમામુઝઝમાન (અ.સ.) ના હક્કના **Cloud** પર **Store** થાય છે. મુખ્લિસ મુમિનનો **Account** કાઈમી-દાઈમી તે **Cloud** પર બની જાય છે. કોઈ પણ અમલ અપના ઝાયેઅ થાતા નથી. ઈમામે હક્કની માઅરેફતના સબબ અપની સુરત તે **Cloud** માં મહેફૂઝ થઈ જાય છે. આ હુસૈની દાઅવત અને હુસૈની દાઈ અપના વાસ્તે મરહેમત, શફાઅત, નજાત અને જન્નતનું એવું આઅલા **Cloud** છે કે, જે અપને રબ્બુલ ઈઝઝતના અરશો કુરસીથી ખૂબ-ખૂબ કરીબ લઈ જાય છે. ✫

---

(પેજ નં. ૬ નું બાકી)

૨) હમારી અકલ અને વહેમ એવી સિફત બનાવવાથી **નાકામિલ અને ગૈરલાયક** છે, તેથી તસ્લીમ કરી લેવું કે હમારૂં ઝહેન અલ્લાહની તાઅરીફ બયાન જ નહીં કરી શકે.

આ બીજા તરીકામાં સલામતી અને આફીયત છે. કેમકે, હમેં પહેલા કુબૂલ કરી ચુકા છે કે, અલ્લાહતઆલાની સિફત બયાન કરવી પોતાને ફરેબ અને ધોકો આપવા બરાબર છે. તેથી જ દાઅવતે હાદીયહના દોઆતે હક્કે બીજો તરીકો ઈખ્તિયાર કીધો અને ફરમાવું કે, "જૂઠ અને બોહતાનથી બચો અને સચ્ચાઈનો રસ્તો અપનાવો."

**અકીદો ૧૯ : આ જહાનને વુજૂદમાં લાવનાર અલ્લાહતઆલા છે અને તે હક્ક છે, એક છે.**

અલ્લાહતઆલા હક્ક છે, એના વુજૂદમાં કોઈ શક નથી. તેએ પહેલી જ પૈદાઈશમાં જે જે ચીઝો વુજૂદમાં આવી તેને બે બનાવી છે, એક નહીં. તેથી જ તે વાહિદ છે. જો તે બે હોતા તો તે વાહિદ ના રહેતા. મખ્લૂક જેમ બની જાતા. મખ્લૂક ગૈર-તમામ છે અને નાકામિલ છે. લેહાઝા અલ્લાહ તમામ છે અને કામિલ છે. કોઈ તબ્દીલી બગૈર એક જ હાલત પર બાકી રહે છે. તે હમેશા બાકી છે, હર કોઈના મુહાફિઝ છે. તે આકિલ છે, તે આલિમ છે, કાદિર છે, કેમકે, જહાઁ તક કુદરતે ઈલાહીયહ જે તેનામાં છે, તે ના હોતી તો તે આલિમ-આકિલ ના કહેવાતા. તે કાદિર છે અને ઝિંદા પણ છે. તેની ઝિંદગીથી જ હર કામ ચાલે છે. **તેની ઝિંદગી જ તેની તમામ સિફતોનું મરકઝ-સેન્ટર છે.** તેની ઝિંદગી હમારા જેવી નથી પણ ઝિંદગીને ઝિંદા રાખે, તે છે. બીજી ઝિંદગીઓને ઝિંદા રાખવાની તેની તાકત તેની સિફતોનો મઝહર છે, ઝાહિર કરનાર છે.

હમારી નઝરના સામે તમામ મૌજૂદાતને વુજૂદમાં લાવનાર ખાલિક, હમેશા-હમેશા વુજૂદમાં રહે છે. આ જહાનની મૌજૂદાતમાં જે રહેલું હોય તેના પર અલ્લાહની ખૂબ ઈનાયત હોય છે અને તેને મૌજૂદે અવ્વલ કહેવાય છે. આ જ મૌજૂદે અવ્વલ તે તમામ બલંદપાયા સિફતો અને "અલ-અસ્માઉલ હુસ્ના"-મુબારક બહેતરીન નામોના સાહેબ અને માલિક છે. અલ્લાહતઆલાનું હમારા પર અહેસાન છે કે, તેએ હમારી અકલોને હલાક થાવાથી અને ગુમ્રાહ થઈ જાવાથી બચાવી લીધી.

હમારી મજબૂરી એ છે કે, હમને હમારા વુજૂદને સાબિત કરવા વાસ્તે કોઈના કોઈ વક્ત હમારી ઝાતને ઓલખાવવા વાસ્તે સિફતો-વિશેષણો લગાવવા જ પડે છે. મગર, અલ્લાહતઆલાએ જ હમારૂં કામ આસાન-સહેલ કરી આપું અને કરમ-ફઝલ ફરમાવીને તમામ સિફતોના સાહેબની એક ઝાતે નૂરાની પૈદા કીધી અને તે **"મૌજૂદે અવ્વલ"** ને જ કાએનાતની શુરૂઆત બનાવી અને તે જ બીજી તમામ અકલોની પહોંચનો છેડો અને ઈન્તેહા છે. હમારા આ અકીદાને **"મબ્દા વલ મઆદ"** (તખ્લીકે કાએનાતની ઈબ્તેદા અને ઈન્તેહા) નું પહેલું પગથિયું માનવામાં આવે છે. જે વાસ્તે કુલ્લી તૌરથી સમઝ સાહેબે દાઅવતના નઝદીકથી હાસિલ થઈ શકે છે. આ ઈલ્મે હકીકી વાસ્તે તાલિબે ઈલ્મમાં ઈખ્લાસ, વક્તની કુરબાની અને ઈતાઅતગુઝારી બેહદ લાઝિમ બને છે. ✫

**કારોબારની જગા પર કુરઆને કરીમની તિલાવત કરવી, રોઝીનો એક સબબ છે.**

## દરસે કુરઆને કરીમ

### સૂરતુલ બકરહ - ૨૧, ૨૨

૨૧) અય લોગો! તમેં બંદગી કરો, ઈબાદત કરો તમારા રબની કે જેએ તમને પૈદા કીધા અને તે લોગો જે તમારાથી પહેલે છે. શાયદ કે, તમેં મુત્તકી બનો. મુત્તકી બનવા વાસ્તેની પહેલી શરત ઈબાદત છે. જેમ લોગો સમઝે છે કે, ઈબાદત યાઅની નમાઝ જ, એમ નથી. ઈબાદતમાં અલ્લાહતઆલાની પૂરી તખ્લીક શામિલ થઈ જાય છે. હર કોઈ પોતાના તરઝો તરીકા, ઝબાનો લહેજામાં ઈબાદત કરે છે. ઈન્સાનની ફક્ત એકલી વાત નથી, મગર ઈબાદતને જિન્નાત પર પણ ફરઝ કરવામાં આવી છે. કોઈ પણ શખ્સ આ ઝમીન ઉપર પૈદા થાય તો તેને ઈબાદત કરવા સિવાય કોઈ છુટકો નથી.

કુરઆને કરીમમાં ફક્ત તમારા ઉપર નહીં મગર તમારા પહેલા તમામ ઉમ્મતો પર ઈબાદત ફરઝ કરવામાં આવી છે. એ ચીઝ અલાહેદા છે કે, હર મોટા નબીના ઝમાનમાં ઈબાદત કરવાના તરીકા જુદા-જુદા હતા. મુકમ્મલ તૌર પર ઈબાદતનું ફરમાન રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઝમાનમાં આવું. ફક્ત નમાઝ નહીં મગર મુમિનના હરએક તે અમલ કે જે ખૈર પર હોય અને જેના વાસ્તે શરીઅતમાં રઝા હોય, તે તમામ ઈબાદતમાં શુમાર છે. ઈબાદત બે તરહની છેઃ **૧) ઈબાદતે ઈલ્મીયહ અને ૨) ઈબાદતે અમલીયહ.** ઈલ્મ અને અમલ સાથે મિલે તો પરહેઝગારીનો મકસદ બર આવે. આ બે માંથી કોઈ એકમાં કુસૂર હોય તો તમામ મહેનત બરબાદ થઈ જાય છે.

**ઈલ્મ પઢા તો અમલ કરવું એને વાજિબ છે, અમલ નથી તો તો ઈલ્મ પઢવું નામુનાસિબ છે.**
**ઈલ્મ ને સાથે અમલ કરવામાં ફઝીલત છે, અમલ જો નથી તો બરબાદ સઘલી મહેનત છે.**

૨૨) અલ્લાહતઆલાએ તમારા વાસ્તે ઝમીનને બિછોનું બનાવી છે અને આસ્માનને ઈમારત અને ઉતારૂં આસ્માનથી પાનીને. પછી નિકાલા તે પાનીથી મેવાઓને તમને રિઝક-રોઝી આપવા વાસ્તે. પછી તમેં ના બનાવો અલ્લાહતઆલા વાસ્તે હમસાયાઓને, હાલાંકે તમેં આ ચીઝનું ઈલ્મ રાખો છો. ઈન્સાનને તેના ઈલ્મો ફહેમમાં આ ચાર ચીઝો રાખવી જોઈએ. ઝમીન, આસ્માન, આસ્માનનું પાની અને ઝમીનની પૈદાવાર. આસ્માનનું પાની કે જે વરસાદની શિક્લમાં નાઝિલ થાય છે અને ઝમીની પૈદાવાર કે જે સબ્ઝી, મેવા, ફલ, ફૂલ અને દરખ્તોની શિક્લમાં થાય છે. ઈન્સાન આ તમામથી ફાયદો લે છે. આમાં જ તેને રોઝી-રિઝક મિલે છે. આ તમામ ચીઝો જાણવા બાવુજૂદ, શું ઈન્સાન અલ્લાહતઆલાને ભુલીને બીજાને પોતાના ખુદાઓ બનાવી શકે છે? આ તરહનો શિર્ક કરે તો ઝરૂર તેની અકલ પર પડદા પડી ગયા કહેવાય.

આમ ફહેમથી જો નઝર કરવામાં આવે તો ઈમારત તે જ વક્ત મઝબૂત બની શકે છે યા તેનો ઢાઁચો સલામત રહી શકે છે કે, જે વક્ત ઝમીન બરાબર હોય. અપના તાવીલી બયાન એ મુજબ છે કે, આસ્માનના મમ્સૂલ રસૂલુલ્લાહ બાવાજી છે અને ઝમીનના મમ્સૂલ મૌ. અલી સાહેબે ઝુલ્ફિકાર છે. **નબી સાહેબની શરીઅત-દીનની ઈમારત બિના મૌ. અલીની વલાયતો ઉલ્ફતની ઝમીન પર ઉભેલી છે.** જો આ ઝમીન જ બરાબર ના હોય તો ઈમારતે દીને મોહંમદીની મઝબૂતીનો સવાલ જ ઊભો થાતો નથી.

જેમ આસ્માન તેના નીચેની ઝમીનને ફૈઝ-ફાયદો પહોંચાવે છે તેમ હર નબી પોતાના વસીને પૂરેપૂરો ફૈઝ પહોંચાવે છે. આ ફૈઝના લીધે જ એક વસી તેના મુઅલ્લિમ, મુરબ્બી અને ફાઝિલ નબી સાહેબના કાઈમ મકામ બની શકે છે. આ ફૈઝ આસ્માનથી નાઝિલ કરવામાં આવતું પાની છે. પાનીના અસરથી ઝમીનમાં અનાજ અને ફલ ઉગે છે. આ પૈદાવાર ઝમીનવાલાઓ વાસ્તે રોઝી બને છે. પાની તે ઈલ્મ છે, હિકમત છે અને નૂર છે. આના સબબ અલવી ઝમીનમાં મુમેનીન અને તેમના આઅમાલ ઉગે છે. આ અલવી મુમેનીનના સબબ આ જહાનમાં તમામની રોઝી જારી છે. આ તમામ હકીકત રૌશન હોવાના બાવુજૂદ લોગો હક્કના સાહેબના ખિલાફ બીજા ગુમ્રાહ કરનાર ઈમામો અને ફિત્નો બરપા કરનાર બનાવટી આલિમોને ઊભા કરે છે. ✩

**કારોબારમાં હલાલ તરીકો અપનાવવો, રોઝીનો એક સબબ છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૨
## અલવી અકીદાઓ - અકીદો - ૧૮ અને ૧૯

**મુક્દ્દેમો-પ્રસ્તાવના :**

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ખાસ અસ્હાબ મૌ. કુમૈલ બિન ઝિયાદ (રિ.અ.) ને ફરમાવે છે કે, “બિલા શક! હકીકતન! આ ઝમીન અલ્લાહતઆલાના હુજ્જત, ખલીફા અને ઈમામથી એક લમ્હો પણ ખાલી રહેતી નથી. ઝમીન ઉપર તે ઝમીનના સાહેબની હાઝિરી લાઝિમ હોય છે. આ સાહેબ ઝમાનાન તકાઝા અને મસલેહતના સબબ યા તો ઝાહિર હોય યા મખ્ફી હોય, પણ તે સાહેબની દાઅવતમાં પહોંચ રાખનાર ફિદાઈઓ-મુખ્લિસો, આમ લોગોના નઝદીક મશ્હૂરો માઅરૂફ હોય છે.” રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અબૂ હુરૈરહને ફરમાવે છે કે, “તું એ કૌમને લાઝિમ રહેજે, તેઓથી અલગ ના થઈશ. **મારા વલી-ઈમામના સબબ એ કૌમના લોગો અમ્નો અમાન અને ઈત્મિનાનમાં હશે.** પણ તે સિવાયના બીજા લોગો પરેશાન હશે, સલામતી અને સુકૂનની તલાશ કરતા હશે. કોઈ તેઓને પનાહ આપનાર નહીં હોય.”

અબૂ હુરૈરહએ અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ! તે ઈમામ કોણ છે કે, જેના સબબ કૌમ સુકૂનમાં હશે? આપે જવાબમાં ફરમાવું કે, “મારા દૌરના આખિર ઝમાનમાં આ કૌમ ઝાહિર થાશે કે જેઓની સીરત અને સૂરત અંબિયાની મિસિલ હશે. તેઓ મારા કૌલ અને અમલ પર હશે. તેઓ માંથી નેક લોગોની નૂરાની હસ્તીઓને મહેશરના લોગો યૌમે કેયામત જોશે તો એમ ગુમાન કરશે કે, આ તો હકીકતન અંબિયા છે. હિસાબ-કિતાબના દિન પોતાના આઅમાલને પૈશ કરવાની ઝિમ્મેદારીના સબબ દુનિયામાં તો રહ્યા મગર દુનિયાની રાહતો લઝ્ઝતને મુકી દીધી. **દુનિયાની કોઈ ચીઝનો તેઓના દિલ પર અસર થયો નહીં.** અલ્લાહતઆલા વાસ્તે તેઓની તાઅત-ઈબાદત-તકવા જોઈને, અંબિયા-ફરિશ્તાઓ પણ તેઓનો આલી મકામ જોઈને તઅજ્જુબ કરશે.” અબૂ હુરૈરહએ કહ્યું કે, “વધામણી છે એ કૌમના લોગો વાસ્તે! મૈં ચાહું છું કે, અલ્લાહ મને તે ઈમાનદારોની મુલાકાત કરાવે.”

હમેં હમારા મકસદ પર આવીએ છીએ કે, ૧૧ માં ફાતેમી ઈમામ મૌ. અબ્દુલ્લાહિલ મહેદી (અ.સ.) એ તીસરી સદી હિજરીના માથા પર, તેના ઈખ્તેતામ પર ઝુહૂર ફરમાવો, તખ્તે ઈમામતને ઝાહિરી તૌરથી રોશની બખ્શી, મહેદીયહ શહેર તાઅમીર કરાવું અને દાઅવતના અરકાનને મઝબૂત કીધા. આપના હાથ પર ઈમામતે ફાતેમીયહનું પરચમ બલંદ થાતું રહ્યું. લોગોને હક્કના ઈમામની માઅરેફત થઈ તો ૧૨ જઝીરામાં આપે આપના દોઆતને આપના પૈગામાત સાથે દાઅવતને કાઈમ કરવા મોકલી આપા. આ દોઆતે બલાગે ઈમામી ફરમાનો મુજબ દીને હક્કના અકીદાઓને ઝાહિર કીધા અને આલે ફાતેમા જ ઈમામતના હક્કદાર છે, તે સાબિત કીધું.

દોઆતે બલાગે, ઈમામે હક્ક અને એમની ઈમામતના અસલો ઊસૂલને લોગોમાં સમઝાવા, શક-શોબોહાતને દૂર કીધા અને શરીઅતના તમામ આઅમાલને ઈમામત સાથે જોડા. આમ એક બાદ બીજા ઈમામ દુનિયામાં આવતા રહ્યા, હિદાયતનો સિલસિલો ચાલતો રહ્યો. યહાઁ તક કે, સવા બસો સાલ તક અઈમ્મતે ફાતેમીયીન (અ.સ.) દાઅવતની ખિદમત અંજામ આપતા રહ્યા, મુમેનીનને ઈખ્લાસો યકીનનું નૂર બખ્શતા રહ્યા અને સિરાતે મુસ્તકીમ પર ચલાવતા રહ્યા. આ કામ સહેલું ન હતું. સફરની તકલીફ ઉઠાવી, લોગોની ઈઝા સહેન કરી, કત્લ થાવાના ડર સાથે ઘરબારથી દૂર રહ્યા. દોઆતે સખ્તમાં સખ્ત હાલાતમાં પાબંદીએ શરીઅત કરી દાઅવતના પાયાને મઝબૂત કરવાનો બેડો ઉઠાવો.

ઈમામે હક્કની નઝરે કરમથી દોઆત ઈલ્મો ફઝલના એક્કા બના. તેઓ જ્યાં જાતા વહાઁ ફાતિમી નૂર ફેલાવતા હતા. તેનો ઝરીઓ તેઓએ તસ્નીફ ફરમાવેલી કિતાબો હતી. આ કિતાબોની સચ્ચાઈ અને પુખ્તગી એ તરહની

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**કારોબારની લૈન-દૈનમાં ચોખ્ખાઈ રાખવી, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

હતી કે, ઈમામે હક્કએ તે વાસ્તે રઝા ફરમાવી હતી અને તે કિતાબો આપની મોહરશુદા હતી, હઝરતે ઈમામીયહમાં કિતાબ પૂરી થયા બાદ પૈશ કરાતી હતી. **તમામ રિવાયતોની તફતીશ બાદ ઈમામી ફરમાનથી આ આલી કદર કિતાબોને મમ્લેકતમાં નશર કરવામાં આવતી હતી.** આ મુસ્તનદ અને મોઅતબર કિતાબોના સબબ આલમે ઈસ્લામમાં ફાતેમી ઈમામતની હકીકતો આશ્કાર થઈ, બોલબાલા થઈ. દુશ્મનો અને ગૈર-સમઝ રાખનાર લોગોમાં એક ભારી હુજ્જત કાઈમ થઈ. સચ્ચાઈ શું છે અને હક્ક કોના સાથે છે, તેની ચર્ચા સતેહ પર આવવા લાગી. આનો નતીજો એવો આવો કે, જે લોગો ગાફિલ, જાહિલ અને હાસિદ હતા કે, જેઓ ગુમ્રાહ, ફિત્નાપસંદ, ફિસાદદાર ઈમામોની ઝહેરીલી વાતોમાં આવી ભટકાઈ ગયા હતા, તેઓને દોઆતની કિતાબોના સબબ રાહે હિદાયત મિલી ગઈ.

**અકીદો ૧૮ : દુનિયાની કોઈ ઝબાન અલ્લાહતઆલાનું નામ યા સિફત બતાવી શકતી નથી**

દુનિયાની કોઈ પણ ઝબાન યા લેસાન યા બોલી, ભલે ને તે ખૂબ કુશાદા, વસીઅ, ગહેરી, મશ્હૂર અને મોટા ઈલાકાઓમાં ફેલાયેલી હોય, તો પણ અલ્લાહતઆલાની શાન મુજબ કોઈ નામ યા સિફત યા તાઅરીફ લાવી શકતી નથી, કૈફીયત બયાન કરી શકતી નથી. અલ્લાહતઆલાએ જે જે ચીઝો પૈદા કીધેલી છે, તેની ખિલ્કત-બનાવટ એકબીજાથી અલગ છે. તેની શિક્લ-સૂરત એકબીજાથી મુખ્તલિફ છે, પણ તે તમામનો ખાલિક એક હોવાના સબબ તેઓમાં થોડી યા કુલ્લી તૌર પર વાબિસ્તગી અને તઅલ્લુક છે, મેલજોલ છે. આ મેલજોલથી અને શિક્લો સૂરતના ઈખ્તેલાફથી તેઓ દરમિયાન ઓલખાણ અને જાણ-પહેચાન કરી શકાય છે.

અલ્ફાઝ અને ઝબાનનો સહારો લઈને ઈન્સાને આ હરએક ચીઝની શનાખ્ત વાસ્તે તેને એક નામ આપી દીધું છે. મખ્લૂકાતમાં ઈન્સાન તમામ કરતા અફઝલ છે. લેહાઝા, તેએ પોતાની સુહૂલત વાસ્તે બીજી મખ્લૂકાતને તેની ખાસીયતોને મદ્દે નઝર રાખીને એક નામમાં કૈદ કરી દીધી. જો આ અલ્ફાઝ ના હોય તો કોઈની માઅરેફત થાય જ નહીં. મખ્લૂકાત વાસ્તે ઈસ્તેમાલ થાતા આ બધા અલ્ફાઝથી ખાલિક-અલ્લાહતઆલાની સિફતો સના કરવી નામુમ્કિન છે. જેટલી સિફતો અને તાઅરીફના જેટલા અલ્ફાઝ ઈન્સાન જાણે છે તેને મિલાવીને પણ પોતાના ખાલિક વાસ્તે કોઈ એક સિફત તે બનાવી શક્તો નથી. તેથી કોઈ પણ ઝબાન તેની સિફત કરી શકતી નથી અને નામ બતાવી શકતી નથી.

યાઅની કે, આથી હમને એ ખબર મિલે છે કે, હમેં અલ્લાહતઆલાનું નામ ના લઈએ તો હમારા દિલમાં માયૂસી અને નાઉમ્મીદી દાખિલ થાય. તો હમેં તે ખાલિકને “હોવા” ના લફઝથી પુકારીએ, તેની તાઅરીફ કરીએ તો ફજરની રોશની મુજબ હમારા દિલમાં અલ્લાહતઆલા તરફથી ઉમ્મીદ જાગે. નહીં તો, ઈન્સાનની શું હૈસીયત કે તે અલ્લાહ-“**હોવા**” ના હક્ક-કદર મુજબ એક ઝર્રા બરાબર પણ એની આજિઝ-કમ્ઝોર ઝબાનથી બયાન કરી શકે.

ઈન્સાની અકલનો છેડો તો એ જ છે કે, એ અલગ-અલગ નામો લઈને અલ્લાહતઆલાની લાતાઅદાદ મખ્લૂકાતને પહેચાની શકે પણ અલ્લાહનું એક જ નામ લઈને તેની પહેચાન કરવાની એનામાં તાકત જ નથી. ઈન્સાનની કમ્ઝોર અક્લ એની મજબૂરીની એક હદ તક પોતાના ખાલિકની માઅરેફતનો શૌક રાખે છે અને આ શૌક પૂરો કરવા એના પાસે બે રસ્તાઓ છે :

૧) અલ્લાહને લાયક થાય એવી સિફત એ બયાન કરે, તે સમઝ બાદ કે આનાથી **આઅલા સિફત** કોઈની હોય જ ના શકે. તેથી અલ્લાહ એવી સિફતથી નામઝદ થઈ શકે છે.

(બકીયાહ પેજ નં. ૩ ૫૨)

**માલને આપવામાં ઈન્સાફ કરવો, રોઝીનો એક સબબ છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૪૮

**નમાઝને છોડનાર મલઊન છે.**

નસ્લે ઈન્સાની બરાબર બરકરાર રહે અને તેમાં પાકીઝગી રહે તે વાસ્તે અલ્લાહતઆલાએ નિકાહની સુન્નત જારી કીધી છે. હર અંબિયાએ આ પાક સુન્નતને નિભાવી છે. લોગોને તેના ઉપર ચાલવા વાસ્તે આમાદા કીધા છે. જાઈઝ જિસ્માની તઅલ્લુકાતનો મદાર નિકાહ છે. જે ફાસિક-ફાજિર-બદકાર લોગો શહેવતના ગુલામ હતા અને નિકાહની તહારતથી ગાફિલ છે, તેઓએ ઝિનાનો સહારો લીધો અને ગૈરજાઈઝ જિસ્માની તઅલ્લુકાતની નાપાકીમાં ફસાય ગયા. તેઓના રોઝા-નમાઝ ધોવાય ગયા. મોટા ગુનાહગાર બની ગયા કેમકે, ઝિના કરવું મોટા ગુનાહોંમાં શુમાર છે. કાઅબતુલ્લાહના યા અરફહના મૈદાનમાં જાવા સિવાય અને તે જગા પર રોઈને તૌબા કરવા સિવાય આ મોટા ગુનાહ મુઆફ થાતા નથી. આ મુબારક જગાઓ પર તૌબા કીધા બાદ પણ તેને દોબારહ નહીં કરવાનો અલ્લાહતઆલાને મીઆદ આપવો પડે. જેહાલત, ગફલત અને શહેવતમાં ઈન્સાન આ તરહની શરમનાક બદકારી કરી બેસે છે. જે ઝિના કરવા પર સવાર થયો તે અને તેનું ઘર ફના-બરબાદ થઈ જાય છે.

મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં ઝિના કરનારી બૈરોનો કિસ્સો ગુઝરી ચુકો છે. આપ અસ્હાબ સાથે બાઝાર માંથી ગુઝરી રહ્યા હોય છે કે, એક બૈરો રોતા-રોતા આપના નઝદીક આવે છે અને અરઝ કરવા લાગે છે. આપ તેને એક જાનિબ લઈ જાય છે અને તેને સુકૂન રાખવાનું કહે છે. બૈરો કહે છે કે, “અય અલ્લાહના નબી! હું મોટી ગુનાહગાર છું. મૈં ઝિનાનો બદ અમલ કીધો છે. ઝિનાના સબબ હું હામેલા થઈ અને તે બચ્ચાને મૈં નવ મહીના સાચવો. મૈં લોગોની નઝરથી છુપતી ફિરતી રહી. તે હમલથી મને એક દીકરો થયો. દીકરાને જોઈને મૈં ઘણી જ શરમિંદા થઈ, લોગો મને મલામત કરવા લાગા. હું મારી ઝાત પર કાબૂ ના રાખી શકી અને એક દિન મૈં ગુસ્સામાં આવીને તે નાજાઈઝ દીકરાને કત્લ કરી દીધો. **પછી તેના જિસ્મને મૈં આગમાં ફેંકી દીધું અને તેની રાખને મૈં હવામાં ઉડાડી દીધી.** ઝિનાની આ નિશાની મિટાવીને મને સુકૂન મિલું.”

“અય અલ્લાહના નબી! આપના નઝદીક હવે હું સાચા દિલથી તૌબા કરૂં છું. હું ગુનાહોથી મગફેરત ચાહું છું. મારી ગુઝરેલી ઝિંદગીની બુરાઈઓથી હું આઝાદી ચાહું છું. શું આ મારી તૌબા અલ્લાહતઆલા કુબૂલ ફરમાવશે? શું હું દોબારહ ઈઝ્ઝતદાર બની શકીશ?” આપ ખૂબ ગઝબનાક થઈ ગયા અને તે બૈરોને હંકાલી દીધી. આપે કહ્યું કે, “અય કાફેરહ! હમારા નઝદીકથી તું દૂર થઈ જા. તું જહન્નમની આગને લાઈક છે.”

તે બૈરો રોવા લાગી, નદામત કરવા લાગી અને કહેવા લાગી કે, **“મારા ઉપર રહેમ કરો. મને અલ્લાહની રહેમતથી નાઉમ્મીદ ના કરો.** અલ્લાહની બારગાહમાં આપ મારા તરફથી મારી તૌબા વાસ્તે અરઝ ગુઝારો.” મગર મૌ. મૂસાએ તેની બદકારીથી નારાઝગીનો ઈઝહાર કીધો. તે બૈરો ગમગીન થઈને પાછા ચાલા ગયા.

થોડા અય્યામ બાદ અલ્લાહતઆલાએ આપના ઉપર વહ્ય કીધી કે, અય મારા નબી! તમેં તે બદકાર બૈરોને નાઉમ્મીદ કેમ નિકાલી! તમેં તેની શરમિંદગી અને દિલના ખુલૂસ પર નઝર ના કીધી. તમારા નઝદીક તૌબાની આજિઝી કરવા આવી તો તમેં તેના ઉપર રહેમ ના કીધો. તમેં સંગદિલ બનીને તેને તેના હાલ પર તરછોડી દીધી. તમેં જાણી લો કે, મૈં તેની તૌબાને કુબૂલ કરી દીધી છે, તેના ગુનાહને મુઆફ કરી દીધા છે. બલકે, આ બૈરો કરતા પણ ઝિયાદહ ગુનાહગાર કે જે વક્ત તે તૌબા કરે અને મને વચન આપે કે દોબારહ તે એ મુજબ ગુનાહ નહીં કરે તો હું તેની તૌબાને કુબૂલ કરૂં છું.”
(બકીયાહ પેજ નં. ૮ પર)

**મુલાઝિમો પર રહેમદિલી રાખવી, રોઝીનો એક સબબ છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) દુનિયા કરતા આખેરત વાસ્તે આઅમાલની ______ કરશો તો તેના સવાબની ફસલ હમેશા-હમેશા જન્નતની શિક્લે નૂરાનીમાં રહેશે. (૨)

૨) જે ઝિનાખોર અને ઝિનાઝાદો હોય છે તે મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની દાઅવતે હાદીયહનો દુશ્મન જ હોય છે. ______ પલીદ ઝિનાખોર હતો. (૩)

૩) અય મુમેનીન! તમારા નઝદીક જે દીન છે તે અલ્લાહતઆલાની અતૂટ રસ્સી છે. આ રસ્સીને અરબીમાં શું કહેવાય છે? હબ્લુલ્લાહિલ ______. (૩)

૭) ______ થાનારી હર ચીઝ ઝમીન માંથી ઉગે છે અને બાકી રહેનારી હર ચીઝ આસ્માનથી નાઝિલ થાય છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ✕ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) ______ નો માલ હડપ કરવો મોટા ગુનાહોંમાં શામિલ છે. (૩)

૪) ______અને ઝિંદા મચ્છી જમવી શરીઅતમાં હલાલ છે. (૨)

૫) જે સાલમાં કબીસો આવે તેમાં ઝુલહિજ્જહના ૨૯ દિનના બદલે ______ દિન થઈ જાય છે. (૨)

૬) દૌલતનું ઝૌર બદકારના ઐબ-બદીને ______ કરી દે છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | લા | | |
| | ક | લ | ક | |
| ઝિ | દ | ✕ | સૂ | લી |
| | મ | જૂ | ર | |
| | | ની | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફરૂલ મુઝફ્ફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩

(પેજ નં. ૭ નું બાકી)

મૌ. મૂસા આ મુજબ કલામે ખુદાવંદી સાંભલીને તઅજ્જુબ અને હૈરાનીમાં પડી ગયા. આપે અરઝ કીધી કે, અય પરવરદિગાર! શું આ બૈરો કરતા પણ કોઈ ઝિયાદહ બદકાર હોય શકે? ઝિના કરતા પણ કોઈ વધારે શરમનાક ગુનાહ હોય શકે? નિદાએ ગૈબ આવી કે, હાઁ! અય મૂસા, તમેં યાદ રાખજો કે, **જે શખ્સ જાણી જોઈને નમાઝને છોડશે, ઝાયેઅ કરશે, મુકી દેશે અને તે વાસ્તે દુનિયાવી કામોનો બહાનો કરશે, તો તે ઝિયાદહ ગુનાહગાર છે.**" નમાઝનો છોડનાર લાઅનતી છે, અઝાબનો મુસ્તહિક્ક છે, રહેમતે ઈલાહીથી રદ થયેલો છે. નમાઝને છોડવાના સબબ તેના બીજા તમામ આઅમાલ ધૂલ જેમ ઉડી જાય છે. જે જિસ્મનું માથું ના હોય તો તે કઈ કામનું રહેતું નથી, તેમ જે આઅમાલમાં નમાઝ ના હોય તો તે આઅમાલ-નામું કઈ કામનું રહેતું નથી. હર હાલમાં નમાઝ પઢવી વાજિબ છે. માઅઝુર હોય, બિસ્તર પર હોય કે દરિયામાં હોય, જો હોશ હોય તો ભલે અરકાનથી ના પઢી શકાય પણ ઈશારાથી નમાઝ પઢે અને અલ્લાહનો શુક્ર અદા કરે. ✩

**મોહીબ્બો ઈબાદત કરો સુબ્હો શામ, ઈબાદત સી મિલસે ફઝીલત તમામ.**
**ઈબાદત કરે જે કે આકીલ હસે, ઈબાદત ન કરનારો જાહીલ હસે.**
**ઈબાદત ઈનાયત છે અલ્લાહ ની, જેહાલત અલામત છે ગુમરાહ ની.**

**વાલેદૈનના દિલને સુકૂન બખ્શવું, રોઝીનો એક સબબ છે.**

## બહેન હુસૈન કી હું, ફાતેમા કી જાઈ હું

૧) જબ આઈ શામ કી બસ્તી મેં નંગે સર ઝૈનબ,
અસીરો મુઝતરો બેતાબો નૌહાગર ઝૈનબ,
મૂઁહ અપના બાલ સે ઢાઁપે થી ઊંટ પર ઝૈનબ,
યે રો-રો કહેતી થી હર દમ બચશ્મે તર ઝૈનબ,
બહેન હુસૈન કી હું, ફાતેમા કી જાઈ હું,
મૈં કરબલાએ મુઅલ્લા સે લુટ કે આઈ હું.

૨) તબાહ કરબલા મેં હો ગયા ચમન મેરા,
બિછડ ગયા અલી અકબર સા ગુલ-બદન મેરા,
હુવા શહીદ હરએક શૈરે સફ શિકન મેરા,
પડા હે ભાઈ બયાબાઁ મેં બેકફન મેરા,
નબી કી આલ કો અહલે જફા ને લૂટ લીયા,
હમારી ખેતી કો રન મેં કઝા ને કૂટ લીયા.

૩) હમારે ભાઈ કો મહેમાઁ બુલા કે મારા હે,
અલી કે લાલ કા ખંજર સે સર ઉતારા હે,
હરએક શહીદે જફા તિશ્ના લબ સિધારા હે,
હરએક ગુલ કા બદન રન મેં પારા-પારા હે,
ચમન પે ફાતેમા કે આ ગઈ ખિઝાઁ અફસોસ,
નિશાને મુરતઝવી કા મિટા નિશાઁ અફસોસ.

૪) હમારી થી જો બિઝાઅત ઉજડ ગઈ હે હે,
બહેન હુસૈન સે રન મેં બિછડ ગઈ હે હે,
હમારી ઝીસ્ત કી સૂરત બિગડ ગઈ હે હે,
એક ઔર તાઝા મુસીબત યે પડ ગઈ હે હે,
બંધે હૈં હાથ મૂઁહ અપના છિપા નહીં સકતેં,
યે કહેર હે કે ઝબાઁ ભી હિલા નહીં સકતેં.

૫) સવાર ઊંટ પર હૈં ઔર રિદા નહીં સર પર,
છુપાએ રહેતે હૈં બાલોં સે રૂખ બાદીદએ તર,
ગુઝરતેં હૈં હમેં ફાકે પે ફાકે શામો સહેર,
યે ઝોઅફ હે કે ગશ આ જાતેં હૈં હમેં અકસર,
જો ચાદરેં ભી કોઈ રહેમ ખાકે દેતા હે,
તો શિમ્ર આ કે ઉસી વક્ત છીન લેતા હે.

૬) યે બૈન કરતી થી ઉશ્તર પે ઝૈનબે દિલગીર,
કરીબ ઊંટોં કે લાયા લઈ સરે શબ્બીર,
પકડ કે હાથોં સે દિલ કો તડપ ગઈ હમશીર,
પુકારી ભાઈ બચા લો મુઝે કોઈ તદબીર,
તુમ્હારે મરને સે ઈઝા ઉઠાતી હે ઝૈનબ,
લઈ કે સામને સર નંગે જાતી હે ઝૈનબ.

૭) સકીના બોલી કે અમ્મા બતાવો મૈં કુરબાઁ,
યે કિસ કે સર સે કુફી બાત કરતી થી ઈસ આઁ,
પુકારા શાહ કા સર તુમ કો બાપ કા નહીં ધ્યાઁ,
બસ ઈતને રોઝ મેં હમકો ભુલા દીયા મેરી જાઁ,
ખબર નહીં તુમ્હે કિસ ભુખે-પ્યાસે કા સર હે,
લહૂ મેં ગર્ક નબી કે નવાસે કા સર હે.

૮) સકીના બાલી ને તન હાથ જોડ કર યે કહા,
મુઆફ હો મેરી તકસીર અય મેરે બાબા,
કે મુઝ સિતમઝદીને થા ના તુમ કો પહેચાના,
વહમ સે આઁખોં કે તુઝ કો ન કુછ દિખાઈ દીયા,
તમાંચે શિમ્ર કે ખાએં હૈં બરહા મૈંને,
રસન સે ઝુલ્મ કે બંધવા દીયા ગલા મૈંને.

૯) ફિર આઈ સર સે નિદા જો સિતમ હુવા તુઝ પર,
અય મેરી લાડલી નૈઝે સે દેખતા થા પિદર,
લિએ થે શિમ્ર ને કાનોં સે જબ તેરે ગૌહર,
તડપ રહી થી તુમ્હારે લીએ ભી રૂહે પિદર,
રવાઁ થે અશ્ક ના મુઝ કો કરાર આતા થા,
સરે સિનાઁ મુઝે ગશ બાર બાર આતા થા.

૧૦) યે કેહ રહા થા સરે શેહ ઔર અશ્ક થે જારી,
સર એક નન્હા સા નૈઝે પે રખકે એક નારી,
કરીબ બાનુએ મુઝતર કે લાયા એક બારી,
પુકારી રો-રો કે ઉસ કો વો દર્દ કી મારી,
અય મેરે લાલ, મેરે બેકસો, ગરીબ અસગર,
સિનાઁ પે ચઢકે તુમ આએ મેરે કરીબ અસગર.
(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**બૈરો ઉપર નઝરે લતાફત કરવી, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૯ નું બાકી)

૧૧) અય મેરે રાહતે જાઁ નૈઝે પે કિયા મસ્કન,
પડા હે ખાક પે લાશા મિલા ન ગૌરો કફન,
સરે સિનાઁ લિયે ફિરતેં હૈં દર-બ-દર દુશ્મન,
હુમક કે ગોદ મેં આ જાઓ મેરે રશ્કે ચમન,
ગમે ફિરાક મેં મૂઁહ આઁસૂઓ સે ધોતી હું,
તુમ્હારે વાસ્તે મેં સુબ્હો શામ રોતી હું.

૧૨) પિદર કે બાદ બતાઓ કે તુમ પે કયા ગુઝરી,
તુમ્હારી નન્હી સી મય્યત કો કિસને ઈઝા દી,
ઝમીં સે લાશ ન હય હય તેરી ઉઠી હોગી,
ફિરાઈ હલ્ક પે મય્યત કે કિસ લઈં ને છુરી,
લહદ મિલી ન તુઝે હાય રે પિસર અફસોસ,
લઈં ને કાટ લિયા તન સે તેરા સર અફસોસ.

૧૩) યે દૂધ બાહો મેં કૈસા ફિરા હે અય મેરે લાલ,
લહૂ સે તર હુએ કિસ તરહ યે ઝુંડોલે બાલ,
અટે હૈં ખાલ સે યે ગોરે-ગોરે તેરે બાલ,
દહન ખુલા હે કે મરને પે ભી હે પ્યાસ કમાલ,
કિયા ન ખૌફે રસૂલે ખુદા લઈંનોં ને,
ગઝબ હે મુરદે પે ભી કી જફા લઈંનોં ને.

૧૪) અય મેરે નાઝોં કે પાલે યે માઁ તેરે સદકે,
અય મેરે હંસલીયોં વાલે યે માઁ તેરે સદકે,
મુઝે ભી પાસ બુલા લે યે માઁ તેરે સદકે,
અય મેર ઘર કે ઉજાલે યે માઁ તેર સદકે,
ગલે પે તીરે સિતમ ખાકે મર ગયે બેટા,
હમારી ગોદ કો વીરાન કર ગયે બેટા.

૧૫) કહો તો હાલે કુછ અય મેરે યુસૂફે સાની,
પિયોગે દૂધ દિયા તુમ ને પી લિયા પાની,
યે કૈસી ઝાલિમોં ને કી તુમ્હારી મહેમાની,
ગલા ભી છિદ ગયા સર ભી કટા મેરે જાની,
તુમ્હારે દર્દે જુદાઈ ને માર ડાલા હે,
તેરે ફિરાક ને ઘર સે મુઝે નિકાલા હે.

૧૬) કભી યે માઁ તો ન યાદ આઈ હોગી અય દિલબર,
કહો તો સોતે હો તુમ શબ કો કિસ કી છાતી પર,
કભી ડરે તો નહીં બન મેં મેરે લખ્તે જિગર,
બતાવો દાદી ને ક્યા ક્યા તુમ્હેં દિયા અસગર,
પિદર કા સાથ દિયા તુમ ને મૂઁહ કો મોડ ગયે,
ખુલે સર ઊંટ પે ફિરને કો હમ કો છોડ ગયે.

૧૭) યે બાનૂ કહેતી થી રો રો કે સર સે અસગર કે,
કે નાગહાઁ સરે સરવર સે અશ્ક બહેને લગે,
સદા ફિર આઈ યે હલ્કે બુરીદા સે શેહ કે,
મેરે સગીર પે સચ હે બહુત સિતમ ગુઝરે,
ઝરા સી જાન કી ખાતિર યે ઝુલ્મ થોડા હે,
લઈં કે તીર ને ગુલ સે ગલે કો તોડા હે.

૧૮) હુએ જો હમ પે સિતમ ઉસ કો ક્યા કહેં તુમ સે,
ચઢા થા સીને પે કાતિલ ગલા થા તૈગ તલે,
ઝબાન ફેર કે હોઠોં પે હમ દિખાતેં થે,
મિલી ન પાની કી એક બૂમદ રેહ ગયે પ્યાસે,
બહેન કે સામને જબ ઝબ્હ હો ગયે, બાનુ!
હમારી લાશ પે ક્યા-ક્યા સિતમ હુએ, બાનુ!

૧૯) યે સુનકે બાનૂ સે બિન્તે અલી ને રોકે કહા,
ખડી હુઈ દરે ખૈમે પે કરતી થી મૈં બુકા,
કે ભાઈ પર મેરે અબ્રે સિતમ બરસને લગા,
ગશ આયા ઘોડે સે ઈતને મેં ગિર પડે ભૈયા,
ચલે થે ખંજરો તૈગો તબર મેરે આગે,
બઢા થા કાટ ને કો શિમ્ર સર મેરે આગે.

૨૦) કલેજા ફૈટ ગયા દિલ કો મેરે ન આયા કરાર,
ઉઠા કે ખૈમે કા પડદા મૈં નિકલી બાદિલે ઝાર,
પુકારી શિમ્ર લઈં કો બદીદએ ખૂંબાર,
ખુદા કે વાસ્તે ઝાલિમ ન મેરે ભાઈ કો માર,
યે ક્યા ગઝબ હે કે પ્યાસે કો કત્લ કરતા હે,
અરે! નબી કે નવાસે કો કત્લ કરતા હે.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

(પેજ નં. ૧૦ નું બાકી)

૨૧) યે સુન કે શેહ ને બ-હસરત મેરી તરફ દેખા,
કહા કે ખૈમે મેં જાઓ બહન મૈં તુમ પે ફિદા,
હમ આજ વાઅદા વફા કર રહેં હૈં અય બહેના,
ના ખાક ઉડાવો ન તડપો ન પીટો સર અપના,
ન રોઓ બહરે ખુદા મેરા ધ્યાન હટતા હે,
હટો હટો કે બસ! અબ પ્યાસા હલ્ક કટતા હે.

૨૨) સદા યે કાન મેં આઈ જો ભાઈ કી ઈક બાર,
ગશ આ ગયા મુઝે બસ ગિર પડી મૈં બા-દિલે ઝાર,
ચલી હુસૈન કે હુલકૂમ પર છુરી કી ધાર,
હુએ શહીદોં કે સર કટ કે નૈઝોં પર અસવાર,
જબ આયા હોશ તો રસ્સી મેં યે ગલા દેખા,
અસીર કુંબે કો ઔર ખેમે કો જલા દેખા.

૨૩) યે બૈન સુનકે જિગર ટુકડે હો ગયા સબ કા,
ન ઝબ્ત હો સકા બાનૂ સે સર કો પીટ લિયા,
દરે યઝીદ પે પહુંચે અસીર વાવૈલા,
ફુફી કા આબિદે મુઝતરને ફિર કે મૂંહ દેખા,
વો બોલી દેખ કે ક્યૂં મેરે મૂંહ કો રોતે હો,
મૈં સદકે કિસ લિયે તુમ શર્મસાર હોતે હો.

૨૪) યે કેહ રહી થી કે દી એક લઈં ને આકે ખબર,
તલબ અસીર ભી હૈં ઔર સબ શહીદ કે સર,
ફિર આયા ખંજરે કીં ખીંચે શિમ્રે બદ અખ્તર,
સિરા રસન કા પકડ કર યે બોલા બદ ગૌહર,
ચલો! સિતમઝદો હાકિમ તુમ્હેં બુલાતા હે,
સરે હુસૈન સિનાં સે ઉતર કે જાતા હે.

૨૫) કહા યે રોકે સકીના ને ફૂફી અમ્માઁ જાઁ,
ન ચલીએ બઝમે લઈં મેં, મૈં આપકે કુરબાઁ,
વો બોલી ખૌફ ભલા ક્યા હે હમકો મેરી જાઁ,
હમ ઉનકે બસ મેં હૈં, લે જાએં હમકો ચાહે જહાઁ,
છુપી કહાઁ કોઈ ફરીયાદ અબ નહીં બીબી,
અસીરે ઝુલ્મ હૈં, કુછ અપના બસ નહીં બીબી.

૨૬) ફિરી યે કેહ કે સકીના સે જબ કે ઝૈનબે ઝાર,
ઝુકાએ સર કો ચલે ચુપ કે આબિદે બીમાર,
ઔર ઉનકે પીછે હરમ રોતે જાતે થે નાચાર,
યહીં હરએક સે રો રો કે કરતે થે ગુફતાર,
તબાહ હો ગયે હમ, ઘર ઉજડ ગયા લોગો,
હમારા કાફલેવાલા બિછડ ગયા લોગો.

૨૭) હબીબ રૂબરૂ હાકિમ કે જબ ગયે સારે,
બયાઁ મૈં ક્યા કરૂં રાંડો પે જો સિતમ ગુઝરે,
વો હાલે સખ્ત તો મુઝ સે કહા નહીં જાએ,
ન તાબ દિલ કો ન તાકત ઝબાન કો આએ,
વુફૂરે ગિરયા હે, ગમ શેહ કા દિલ પે તારી હે,
જિગર મેં દાગ હે ઔર આહ લબ પે જારી હે. ✫

## કસીદહ મુનીરહ

અલ્લાહ સે ઉલ્ફત રખતેં હૈં, કુરઆન સે નિસ્બત રખતેં હૈં,
મુમિન હે જો અપને સીનો મેં, ઈમાં કી હરારત રખતેં હૈં.
પોશીદા હે દિલ મેં હુબ્બે નબી, પિન્હાઁ હે દિલ મેં હુબ્બે અલી,
ઈસ દિલ કે ખઝાને મેં અપને ફિરદૌસ કી કીમત રખતેં હૈં.
યે જશ્ન હે, જશ્ને સાલગિરહ સૈયેદના ઝકીયુદ્દીં મૌલા,
જો શાને શરાફત, ખુલ્કો અતા, માઅસૂમ તબીઅત રખતેં હૈં.
કિતના હે મુબારક આજ કા દિન, આતા હે નઝર ખુશ હર મુમિન,
બાંસઠવે બરસ મેં પહેલા કદમ, કિસ શાન સે હઝરત રખતેં હૈં.
કૌસર કે વો હક્કદારોં મેં હે, જો ઈન કે તરફદારોં મેં હે,
જન્નત ભી અતા હોગી ઈન કો, જો ઈન સે મોહબ્બત રખતેં હૈં.
રૂત્બા ઈનકા વો પહેચાને, ક્યા શાન હે ઈનકી વો જાને,
આઁખોં મેં બસીરત ઔર ઈનસે પાકીઝા અકીદત રખતેં હૈં.
અય કાશ! ઉન્હેં અકલ આ જાયે, ફિરતેં હૈં જો નાદાઁ ઈતરા કર,
બુગ્ઝ આલે પયમ્બર સે રખકર, ઉમ્મીદે શફઅત રખતેં હૈં.
કિસ બાત કા ઉનસે કીજે ગિલા, ક્યા કેહકે કોઈ સમઝાએ ભલા,
ગૈરોં સે જો ઉલ્ફત રખતેં હૈં, અપનોં સે અદાવત રખતેં હૈં.
આતી હે હસીં ઉન લોગોં પર, હંસતેં હૈં જો અહલે ઈમાઁ પર,
ખુદ ગાફિલ દીન કે કામોં સે, ઔર ખ્વાહિશે જન્નત રખતેં હૈં. ✫

**ઘરકામમાં ઘરવાલાને મદદ કરવી, રોઝીનો એક સબબ છે.**

## ગરીબુલ વતન

હુસૈન ઈબ્ને અલી કે ગમ મેં દો આસૂં બહા લેના,
સિલા મહેશર મેં ખાતૂને કેયામત સે તું પા લેના.
હુસૈન ઈબ્ને અલીને ચાહા થા ઉમ્મત બચા લેના,
પડે જિતની મુસીબત વો અકેલે હી ઉઠા લેના.
દોઆ કરતે થે સરપર રબ સે મુઝકો આઝમા લેના,
કઠિન જિતની મુસીબત હો વો સબ મુઝ પર ગિરા દેના.
શબે આશૂર કી વો બંદગી રસ્તા થા જન્નત કા,
ઈરાદા થા કપી કે વાઅદએ તિફ્લી નિભા લેના.
હુઈ આશૂર તો આઈ કેયામત કી ઘડી હે હે,
વો જલતી રેત પર ચાહા હે સજદે કો બજા લેના.
દોઆ કરતેં હૈં ઉમ્મત કી નજાતી હો મેરે યા રબ,
કહા ફિર શિમ્ર સે ખંજર કો અબ ઝાલિમ ફિરા લેના.
મગર તુઝ સે મૈં ચાહતા હું મેરે અહલે હરમ કો તું,
ન તું ઝુલ્મો સિતમ ઢાના, ગરીબોં કી દોઆ લેના.
તું પુરસા દીજીઓ આબિદ મેરે બીમાર પ્યારે કો,
ન ઉસકે પાઉં મેં ઝાલિમ તું બેડી કો પિન્હા લેના.
સકીના મેરી પ્યારી હે દિલાસા તું ઉસે દેના,
અગર જો રહેમ આએ તો ગલે ઉસકો લગા લેના.
હરમ કો ઈઝ્ઝતી કે સાથ પહોંચાના મદીના તું,
ન ચાદર છીન કર બલપે મેં તું દર-દર ફિરા દેના.
કહા ઝાલિમને સરપર સે જહન્નમ કા શરારા હું,
કટેગા સર તો ફિર ચાહા હે ખૈમોં કો જલા લેના.
હરમ કી ચાદરેં લેના, ઉન્હેં કૈદી બના લેના,
સકીના કે ગોહર લે કે તમાંચે ભી લગા દેના.
તુમ્હારે સર કો નૈઝે પર ચઢા કે લેકે જાઉંગા,
યઝીદે બદ સે અય શબ્બીર હે જાગીર પા લેના.
અગર મુમિન તું કહેતા હે તો ઐસા દિલ ભી કર પૈદા,
હમારે દાઈ હાતિમ કે કદમ પર સર ઝુકા લેના.
ગરીબુલ બેવતન આકા, શહીદે બેકફન આકા,
તુમ્હારે દર પે મુમિન કો કોઈ દિન તું બુલા લેના. ✩

## તિજારત


યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✩

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✩

**હજારીવાલા મોબાઇલ**
અદનાન - ૯૭૧૪૪૩૦૩૧૯
અબ્બાસ - ૯૭૧૪૪૩૦૩૧૪
**દરેક જાતના મોબાઇલ સેલ્સ અને રીપેરીંગ તથા R.T.O. નું ઓનલાઇન કામ કરી આપવામાં આવશે.**
નૂરાની મસ્જીદ સામે, બદરી મોહલ્લા નાકા,
વાડી ટાવર, વડોદરા. ✩

**એ-વન બ્યુટી પાર્લર**
**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, કલીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**
૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ,
રામપાર્ક, આજવા રોડ, વડોદરા.
**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ✩


## મજલિસે માતમ

મજલિસે માતમ હે યહાઁ, રોના રૂલાના ચાહીએ,
લબ પે બસ સલવાત કા હી ઝિક્ર લાના ચાહીએ,
ગર પઢે ઝાકિર કોઈ ભી મરસીયા શબ્બીર કા,
પીટ કર છાતી કો આંસૂ કો બહાના ચાહીએ. ✩

**હર નેઅમત પર ઓછી યા ઝિયાદહ, ખુદાનો શુક્ર કરવો, રોઝીનો એક સબબ છે.**

## જમાઅતની વસ્તી – અપની ઝબાન

### શું હતું :

➤ ૨૯ માં દાઈએ મુત્લક શહીદે આઅઝમ સૈયેદના અલી શમ્સુદ્દીન સાહેબ (આ.કુ.) ની હક્કની દાઅવતના મદદગારો અને જાઁનિસારો ૨૭ હતા અને આ સાહેબો સાથે એમની ફેમિલી હતી. આપ મૌલાની મુદ્દતે દાઅવત ૧૬ સાલની હતી, હિ. ૧૦૩૦ થી ૧૦૪૬ તક.

➤ ૩૧ માં દાઈએ મુત્લક સૈયેદના હસન બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ની રહેલત બાદ હિ. ૧૧૧૦ માં આપની વસીયત મુતાબિક ૩૨ માં દાઈએ મુત્લક સૈયેદના જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) એ અહમદાબાદ છોડું અને વડોદરા વસાવું તે વક્ત **૩૦૦ જેટલા મુમેનીને** આપના સાથે હિજરત કીધી.

➤ ૪૧ માં દાઈએ મુત્લક સૈયેદના જીવાભાઈ ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના ઈબ્તેદાઈ વક્તમાં જમાઅતના મુમેનીનની કુલ તાઅદાદ **૧૨૫૦ અફરાદ**ની હતી. આ વક્તમાં સૂરતથી ઘણા ખાનદાનો વડોદરા આવીને વસા અને વસ્તીમાં ઈઝાફો થાતો રહ્યો. આ સાથે આપ મૌલાની ઈલ્મી જેહાદસી નાગોશીયા ફિરકાના લોગો આપને મીસાક આપીને અપની હક્કની જમાઅતમાં શામિલ થયા. આ સબબ ઘના કુટુંબો અપની જમાઅતની વસ્તીમાં જોડાયા.

➤ ૪૨ માં દાઈએ મુત્લક સૈયેદના ફિદાઅલી બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) અને ૪૩ માં દાઈએ મુત્લક સૈયેદના યુસૂફ નૂરૂદ્દીન સાહેબ (આ.કુ.) ની દાઅવતના સાલો મીલાવીએ તો, ૪૭ સાલમાં (હિ. ૧૩૪૭ સી ૧૩૯૪ તક) જોઈન્ટ ફેમિલીના બરકતના સબબ જમાઅતમાં એવો ચીલો અને ટ્રેન્ડ હતો કે હર કોઈ ઘરમાં ૭ ઔલાદને કરીબ હોવી એક આમ વાત બની ગઈ હતી. લેહાઝા, આ ૫૦ સાલમાં બે જનરેશન ગુઝરા અને વસ્તીમાં ખૂબ વધારો થયો. વડોદરા, નડીયાદ, મુંબઈ અને નાના-નાના ગામડાઓ મીલીને કુલ વતી **તકરીબન ૪ હઝાર** તક પહોંચી ગઈ.

➤ ૪૪ માં દાઈએ મુત્લક સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) હિ. ૧૩૯૪ માં તખ્તે તૈયેબી પર પધારા તે વક્તસી ઔલાદમાં ગિરાવટ આવતી ગઈ. ૭ ઔલાદસી ઉતરીને ૩ યા ૪ પર આવી ગઈ. નિકાહ કમ થાવા લાગા તો સામે વસ્તી પન ઘટવા લાગી. વસ્તી વધવાની રફતારમાં બ્રેક લાગી ગઈ. આપ મૌલા ફરમાવતા હતા કે, "પહેલા ઘર નાના હતા, તેમાં રહેનાર લોગો વધારે હતા અને મોહબ્બત વધારે હતી, બરકત ખૂબ હતી, કમાનાર ઓછા હતા પન જમનાર વધારે હતા. **હવે, જોવ! ઘર મોટા-મોટા છે, રૂમો ઘના છે, પન તેમાં રહેનાર ઓછા છે. ઘરોમાં દીવારો આવવાથી દિલોમાં દીવાર પૈદા થઈ ચુકીચ.** મોહબ્બત નામની રહી ગઈચ અને બરકતનું તો નિશાન જ નથી. હર કોઈ પોત-પોતાનું કમાઈચ, જમાઅ કરેચ પન કોઈ જમનાર નથી. આ છે ઝમાનાનો ઈન્કેલાબ."

### શું છે :

➤ હાલમાં અપની વસ્તી ૮ હઝારને કરીબ છે. હર સાલ ૪૫ બચ્ચાંની વિલાદત થાઈચ અને તકરીબન ૬૦ અફરાદ ગુઝરી જાઈચ. યાઅની કે, **૧૫ ની ઘટ** પડેચ. જેટલી શાદીઓ થાય છે તેના સામે હર સાલ અડધા ઘરોમાં જ ઔલાદ આવે છે.

➤ કોરોના બીમારીના આ ખૌફનાક માહૌલમાં આ સાલ **૮૦ સી પન વધારે મૈયેત** થઈ ચુકાચ. બચ્ચાંની પૈદાઈશ ખુબ કમ છે. તો માઅલૂમ પડેચ કે આ સાલ વિલાદત અને વફાતના દરમિયાન ફાસલો મોટો છે.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**વઅઝે હકીકતે દાસ્તાને કરબલા સાંભલવી, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

➤ આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) તખ્તનશીન થયા તે બાદ સી આ ૫ સાલ દરમિયાન આપ ઘની ગહેરાઈ સી નસીહત ફરમાવેચ કે, "અય વાલેદૈન! તમેં તમારી દીકરીઓની જલ્દી નિસ્બત કરી નાખો. ઊંચી તાઅલીમનું બહાનું બનાવીને તેને ઘરમાં બેસાડી ના રાખો. ઝરૂરત હોય તો જ જોબ કરાવો. તમામ તરહની બહેતરી દીકરી વાસ્તે તેમાં છે કે, તે અપની જમાઅતના નૈકોકાર દીકરા સાથે નિકાહ કરીને વાલેદૈનની આઁખોં સામે પોતાનો સંસાર રચે અને ઘર વસાવે. શાદીમાં તાખીર કરવાથી ઘની બધી તકલીફો ઊભી થાય છે."

➤ તમામ વાસ્તે ફિકરની બિના એ છે કે, જમાઅતની વસ્તીનો ગ્રાફ છેલ્લા ૨૦ સાલસી નીચે જઈ રહ્યોચ. છેલ્લા ૨૦ સાલમાં **૧૨૦ સી ઝિયાદહ ગૈર-જમાઅતની દીકરીઓ** શાદી કરીને અપની જમાઅતમાં આવેલીચ. આ માંસી ચંદ દીકરીઓએ અપની અલવીયત કુબૂલ કીદી નથી. લેહાઝા, તેમની ઔલાદ અપની સોસાયટીનો હિસ્સો બને, તેમાં શક છે. આ તરહ આહિસ્તા આહિસ્તા તે ઘર જમાઅત સી દૂર થઈ જાસે.

**✵ શું કરવું જોઈએઃ**

➤ આ એક બર્નિંગ સોશીયલ પ્રોબ્લેમ છે જે આજે હર કૌમ સામનો કરી રહીચ. સોસાયટીએ જ આ તકલીફ ઊભી કરીચ તો સોસાયટી જ આનું સોલ્યૂશન લાવસે.

➤ ઘરમાં મોટા-બુઝુર્ગ છે, તેમને પોતાનો કિરદાર નિભાવવાનોચ. તેમનો ઘરમાં કી-રોલ છે. બુઝુર્ગોનો સપોર્ટ અને મદદ ઝરૂરી છે. બુઝુર્ગો પોતાના જવાનોને બરાબર તરબીયત આપે, હકીકતસી આગાહ કરે અને શાદી બાદ ઔલાદ લેવા વાસ્તે ઉભારે.

➤ અકસર જવાનો મોંઘવારી, એજ્યૂકેશન, મકાન, ખર્ચાઓ અને પરવરિશની ઝિમ્મેદારીથી ડરે છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, "ઔલાદ તો નેઅમત છે અને તેની રોઝીસી તમેં ના ડરો. **ઔલાદ, તમારા માલમાં બરકતનો સબબ બનસે. ઔલાદથી તમામ દિલોંમાં ઠંડક પહોંચસે.**" જવાનોને સોચવું જોઈએ કે, અપના બુઝુર્ગો કઈ હાલતમાં એક નાના ઘરમાં ઝિંદગી ગુઝારી ગયાચ. અલ્લાહનો લાખ-લાખ શુક્ર છે કે અપને હાલમાં તેઓના ખસ્તા હાલાત કરતા બહેતર છે. તો પછી, તે કઈ ચીઝ છે કે ઔલાદ વાસ્તે અપને રોકેચ.

➤ મુકદ્દસ મૌલાની તદબીરો હિદાયતથી આજસી ૪૦ સાલ પહેલાના અરસા સી જમાઅતની દીકરીઓએ સ્કૂલીંગ અને હાયર એજ્યૂકેશન લેવાનું શુરૂ કીદું. આ એક ખુશીની વાત હતી અને જમાઅતની માલી અને અકલી તરક્કીની નિશાની હતી. પન હર તરક્કી સાથે તકલીફ આવે છે. ભનેલી દીકરીઓ જોબ કરવા લાગી, કરીયર બનાવવા લાગી, શાદીમાં તાખીર કરવા લાગી યા શાદી બાદ ઔલાદ લેવામાં પ્લાનીંગ કરવા લાગી.

➤ એજ્યૂકેશન સાથે અવેરનેસ અને સમાજી-સંસારીક બૈદારી હોવી જોઈએ. અંગત ઝિંદગીના મુતાલેબાત પર બીજી બાહરી ચીઝો હાવી ના થાવી જોઈએ. જોબ, સર્વિસ અને કરીયરના લીધે ઔલાદનું પ્રેફરન્સ ઘટી ગયું. મુકદ્દસ મૌલાના ઝમાનામાં ઔલાદની તાઅદાદ જે **૩ યા ૪ હતી તે ઘટીને ૧ યા ૨ પર આવી ગઈ.** બાહોશ અલવી માઁ-બાપ હોવાના બરખિલાફ આ એજ્યૂકેટેડ કપલ ઝમાનાના પ્રેશરસી હાર માની ગયા. વધારે ઔલાદની ઝિમ્મેદારી ઉઠાવવાસી હાથ પટકી દીદા. પૈસા-દૌલત હોવાને બાવુજૂદ ઔલાદ વાસ્તે વક્ત કમ પડવા લાગો. ઘરની ફિકર કરતા ઓફિસની ફિકર વધી ગઈ.

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના મસાઈબ પર રોવું, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

➤ જે ફેમિલીના શાદીશુદા જવાનો પાસે ઝિયાદહ મકાનો છે, દૌલતમંદ અને મિલકીયત વાલા છે. બધી રસાઈવાલા અને પહોંચવાલા છે. તે કપલ ઔલાદ વાસ્તે તમામ તાકત, સલાહીયત અને સેહત રાખેચ, જોઈન્ટ ફેમિલીમાં રહેચ તો તેઓને ઔલાદ વાસ્તે સોચ-વિચાર કરીને કદમ ઉઠાવવા જોઇએ. ઔલાદની ઝિયાદતીસી તેઓને કોઈ ફરક પડતો નથી અને કોઈની મોહતાજગી નડસે નહીં.

➤ જોબવાલા એજ્યૂકેટેડ કપલ ને ન્યૂક્લીયર ફેમિલીમાં રહેતા હોય તેઓને મેન ફેમિલીથી અલગ થાતા પહેલા સો વાર વિચાર કરવો જોઈએ. જોઈન્ટ ફેમિલીના બચ્ચાંની તરબીયત અને એકલા રહેતા ફેમિલીના બચ્ચાંની તરબીયતમાં આસ્માન-ઝમીનનો ફરક હોય છે. **જ્યાં બુઝુર્ગો હોય છે ત્યાં બે આંખની શરમ હોય છે.** કપલ પોતે જોબ પર જાતા હોય તો ઘરના બીજા લોગોથી બચ્ચાંની દેખરેખ વાસ્તે સહારો અને મદદ મીલી જાઈચ.

➤ જોબ પર જાનાર દીકરીઓની શાદી થાય છે તો શાદી બાદ પન તે જોબ પર જાવું ચાલુ રાખેચ. ઘરવાલાની મરઝીથી યા નારાઝગીથી તે એક અલગ બહેસ છે. પૈસા હાથમાં આવવાથી તે મુજબ ખર્ચાઓના રસ્તા પન ઊભા થઈ જાઈચ. થોડા જ વક્તમાં આ ખર્ચા ઝરૂરતમાં બદલાય જાઈચ અને પછી તે કાયમી થઈ જાઈચ. આ તકાઝાઓને નિભાવવા વાસ્તે શાદીશુદા દીકરીઓ જોબ છોડતી નથી અને તેના લીધે ઔલાદ લેવામાં તાખીર થાઈચ યા એક ઔલાદ બાદ કિસ્સા પર મોહર વાગી જાઈચ.

➤ જો અગર ઘરના ખર્ચાઓ ઉઠાવવા વાસ્તે જોબ કરતા હોય અને તે વાતે ઔલાદનું લેવું દરમિયાનમાં આવતું હોય તો તે હિમાકત છે, નાદાની છે. **તકાઝા અને શૌક ઓછા કરવાથી ખર્ચા ખુદ-બ-ખુદ ઓછા થઈ જાસે.** બીજું એ કે, ઘના એવા પણ છે કે, શાદી બાદ એક ઔલાદ લીદા બાદ આઝાદગી જોઈએચ. તેમના વાસ્તે એક બચ્ચાની ઝિમ્મેદારી જ કાફી છે. ઘરમાં બંધઈને રહેવાનું પસંદ નથી. સમઝે છે કે બચ્ચાંની પરવરિશની ઝિમ્મેદારીમાં ઝિંદગી ગોયા ખત્મ થઈ જાસે. દુનિયા ખત્મ થઇ જાસે. પન શાયદ તેઓ શરીઅત પઢા નથી કે, ઔલાદને લેવામાં મરદની મરઝી અને તમામ બીજી ચીઝો કરતા ઊંચી છે. તે બૈરો તમામ કરતા અફઝલો આઅલા છે જે પોતાના મરદ સાથે મહબ્બતો શફકત રાખે અને ઔલાદ બખ્શનારી હોય.

➤ આ જફા ગૈર-ઈસ્લામિક સોસાયટીથી આવીચ. મીડીયાએ એક કપલ સાથે બે બચ્ચાનો પ્રોપેગન્ડા કીદો તાં સી પેસીચ. એક યા બે બચ્ચાં હોય યા જેમ આજે ટ્રેન્ડ છે કે, એક દીકરો હોય અને એક દીકરી હોય તે કમ્પલીટ ફેમિલી ગિનાય, તે સરાસર બેવુકૂફી છે. બે ઔલાદ હોય, માઁ-બાપ તેઓનો પડતો બોલ ઉચકેચ. હર નાની-મોટી ડીમાન્ડ પૂરી કરેચ. લાડ-પ્યારનો વરસાદ કરેચ. એકના એક હોઈચને ઈતલે. ખૂબ એજ્યૂકેશન આપેચ. ઊંચો જોબ મીલેચ. પછી જે વક્ત, આ માઁ-બાપે તેઓ વાસ્તે ઝિંદગી ઘસી નાંખી હોઈચ, તેમની બુઝુર્ગીનો વક્ત આવેચ તો દીકરો ફોરેનમાં હોઈચ યા અલગ રહેતો હોઈચ અને દીકરી બીજી જ કૌમમાં ચાલી ગઈ હોઈચ. તો કહેવાય શું કે, માઁ-બાપે ઝિંદગીમાં કઈ જ હાસિલ ના કીદું.

➤ ફિકરની વાત તો એ છે કે, ખુશી-ગમીના અવસરો પર હવે ઘરવાલા-સગાવ્હાલાને ઢુંઢવા જાવું પડસે. શાયદસી રેન્ટ પર ના લાવવા પડે. કેમકે, એક દીકરો એક દીકરી હોવાના સબબ, શાયદ હવે ફેમિલીમાં માસી, કાકા, ફોઈ, મામાના રિશ્તા ખતરામાં આવી જાસે. જિયાદહ ઔલાદ અને જોઈન્ટ ફેમિલી હોય તો બધા રિશ્તા કાઈમ રહે અને ફેમિલીના અવસરમાં રોનક અને ચમક આવે.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**સાહેબે દાઅવતની મુલાકાત કરવી, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૧૫ નું બાકી)

➤ જે ઔલાદવાલા હસે, સાથે રહેતા હસે, મોહબ્બત રાખતા હસે તે દિલના ફૈયાઝ હસે, સખાવત તેઓના ખૂનમાં હસે. તમામને સાથે રહેવામાં અને રાખવામાં માનતા હસે.

અય શબાબાને જમાઅત! હમારો મકસદ આ મઝમૂન પાછલ આપ તમામને હકીકતથી આશ્ના અને ખબરદાર કરવાનો છે. હમેને સાથે મીલીને ગૌરો ફિકર કરીને અપની જમાઅતની તાઅદાદ, મેઅમાર અને વસ્તી વધારવાની છે. જો આજે અપને નહીં જાગીએ તો **આવતા ૫૦ સાલમાં હાલાત ઔર વધારે તંગ થાસે,** વસ્તીમાં ગિરાવટ આવસે, સમાજમાં હર તરહની મુશ્કિલાત પૈદા થાસે.

જમાઅતની જે હકીકત છે તે છે જ. આ બયાનથી કોઈની નુક્તાચીની, ઈશારો યા દિલ દુખાવવાનો મકસદ હરગિઝ નથી. અપની મુખ્તલિફ ફેમિલીમાં જે ચાલે છે તે સચ્ચાઈ કારેઈન સામે લાવવાની છે કે, જેથી મુમેનીન ઈબરત લે અને જવાનો પોતાની ઝિમ્મેદારી જે સમાજ અને સોસાયટી વાસ્તે છે, તે સમઝે. સોસાયટી, જમાઅત અને ઝુમ્રાથી અપની પહેચાન છે. જમાઅતના સરદાર પર લાઝિમ છે કે, પોતે જમાઅતને લગતી સંગીન-સીરીયસ બાબતોને મુમેનીનને જનાવે.

છેલ્લા ૧૦ વરસમાં જે જવાનોની શાદી થઈચ તેઓને અને તેમની ફેમિલીને ફિકરમંદ થાવાની ઝરૂરત છે. ઔલાદ લેવા વાસ્તેની ઝહેની તૈયારી કરવાની ઝરૂરત છે. યા હવે પછી જે જવાનો શાદી કરવાના છે તેઓને આ બેડો ઉઠાવવાવની ઝરૂરત છે. તે ઘરોના બુઝૂર્ગો પન ઔલાદ વાસ્તે ઘરના જવાનોને ઉભારે. કોઈ એક ફેમિલીની આ મેટર નથી પન બધાને સાથે મીલીને આ બાબત કોશિશ કરવી પડસે, તો **આવતા ૫૦ સાલમાં તેનો અપને ખુશ અંજામ જોઈ સકીસું.**

અહલુલ બૈત (અ.સ.) ના મોહિબ્બો, આશિકો અને માતમદારોની તાઅદાદમાં ઈઝાફો થાય તે અલ્લાહતઆલાને ખૂબ પસંદ છે. મુમેનીનની ઔલાદથી જ આ દુનિયાવાલાઓનું રિઝક અને હક્કની જમાઅતનું પરચમ બલંદ રહે છે. હમારી ઔલાદ માંથી હર દીકરો-દીકરી હક્કના નૂરનો દીવો છે. ખુશ-કિસ્મતી છે તે વાલેદૈન વાસ્તે કે જેઓ આ દીવાને રોશન કરે કે, જેનાથી ઘર અને જમાઅત મુનવ્વર થાય. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆઓ-તાઈદ સી અલ્લાહતઆલા જમાઅતમાં ફલાહો બહેબૂદી અને ખુશ-આબાદી અતા ફરમાવે. ✫

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.